ચાર્લ્સ શોભરાજને ટક્કર મારે તેવી ગેંગ

‘‘આરપાર દેખાતા ચશ્માં’’ ના નામે છેતરપિંડી : સાબરકાંઠા LCBએ અન્ય કોઈને શિકાર બનાવે તે પહેલા દબોચી



લોભીયા હોય ત્યાં ધુતારા ભૂખે ન મરે આ કહેવત ને સાચી ઠેરવતી અનેક ગેંગ ગુજરાતમાં સક્રિય છે લોકોને એકના ડબલ રૂપિયા, રૂપિયાનો વરસાદ, સુનહરી પથ્થર,પારસ મણિ, આરપાર દેખાય તેવા ચશ્માં સહીત અનેક લોભામણી લાલચ આપી માયાજળમાં ફસાવતી ટોળકી અનેક લોકો પાસેથી રૂપિયા ખંખેરી હથેળીમાં ચાંદ બતાવી રફુચક્કર થઇ જતા ભોગ બનનારને કોઠીમાં મોઢું સંતાડી રોવાનો વારો આવતો હોય છે

સાબરકાંઠા જીલ્લા પોલીસવડા વિશાલ વાઘેલાના માર્ગદર્શન હેઠળ જીલ્લા એલસીબી પોલીસે લોકોને ચાર્લ્સ શોભરાજ કે પછી મિસ્ટર નટવરલાલ બની છેતરતી ગેંગને ઝડપી પાડવા બાતમીદારો સક્રિય કરતા લોકો સાથે ઠગાઈ કરતી ગેંગને ધાણધા પાટિયા પાસેથી એસેન્ટ કારમાંથી નકલી અજાયબ ચશ્માં સાથે દબોચી લીધી હતી એલસીબી પોલીસની સતર્કતાથી વધુ કોઈ આ ઠગ ગેંગનો ભોગ બનતા બચી ગયું હતું પોલીસે બે ઈડર, એક બડોલી અને બે અન્ય રાજ્યના સાગરીતોને જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા

સાબરકાંઠા એલસીબી પોલીસને લોકોને અજાયબ ચશ્માં અને રૂપિયાનો વરસાદના નામે વિશ્વાસમાં લઇ લાખ્ખો રૂપિયા ખંખેરતી ગેંગ એસેન્ટ કારમાં હિંમતનગર ધાણધા પાટિયા પાસે કોઈ વ્યક્તિને તેમના શિકારમાં ફસાવી મળવા માટે આવી રહી હોવાની બાતમી મળતા પોલીસ ધાણધા પાટીય નજીક વોચમાં ગોઠવાઈ હતી બાતમી આધારીત એસેન્ટ કાર આવતા અટકાવી ૫ શખ્સોની આગવી ઢબે પૂછપરછ કરવાની સાથે કારમાં તલાસી લેતા કારમાંથી ગોલ્ડન કલરની ફ્રેમ વાળા નકલી ચશ્માં અને દોઢ લાખ રૂપિયા મળી આવતા ૫ આરોપીને દબોચી લઇ ઇડર અને હિંમતનગરમાં અજાયબ ચશ્માંના નામે થયેલ છેતરપિંડીના ગુન્હાનો ભેદ ઉકેલી નાખ્યો હતો એલસીબી પોલીસે ૨.૭૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી આરોપીઓના રિમાન્ડ માટે તજવીજ હાથધરી હતી.

ઠગ ટોળકીની મોડ્સ ઓપરેન્ડીસ : અજાયબ ચશ્માના નામે લોકોને ઉલ્લુ બનાવતા હતા

સાબરકાંઠા એલસીબી પોલીસે ઝડપેલ ગેંગ તેની પાસે અજાયબ ચશ્માં છે આ ચશ્માંથી આરપાર દેખાતું હોવાનું અને આ ચશ્માં ઈરેડીયમ ધાતુમાંથી બનેલ છે આ ચશ્માંનો ઉપયોગ સાયન્ટીફીક રિસર્ચમાં થતો હોવાથી વિદેશ અને ભારતમાં ખુબ ડિમાન્ડ હોવાનું જણાવી લાખ્ખો રૂપિયા આ ચશ્માં વેચવાથી મળશે તેવું ભોગ બનનારને સમજાવી લલચાવી તેમની જાળમાં ફસાવી રૂપિયા ખંખેરતા હતા

સિવિલ હોસ્પિટલમાં ઐતિહાસિક જટીલ સર્જરી

૭ વર્ષનું બાળક ૧૪ ચુંબકીય મણકા ગળી ગયું : આંતરડામાં ૭ કાણાં પાડ્યા

સિવિલ હોસ્પિટલના બાળરોગ સર્જનોએ અત્યંત જટીલ સર્જરી સફળતાપૂર્વક પૂર્ણ કરીને બાળકને મોતના મુખમાંથી ઉગાર્યો : નાના બાળકોને સિક્કા, ચુંબક , ટાંકણી જેવા બાહ્ય પદાર્થોથી દૂર રાખવાની સલાહ આપતા સિવિલ સુપ્રીટેન્ડન્ટ ડો. રાકેશ જોષી

અમદાવાદ

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ઐતિહાસિક જટીલ સર્જરી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી છે. સાત વર્ષનું બાળક રમત-રમતમાં ૧૪ જેટલા ચુંબકીય મણકા ગળી ગયું હતુ. આ મણકાએ આંતરિક આકર્ષણના કારણે આંતરડામાં સાત કાણા પાડ્યા. સમયસર આની સર્જરી કરવામાં ના આવે તો બાળકના જીવને જોખમ હતું. પરંતુ ફરી એક વખત સિવિલ હોસ્પિટલના બાળરોગ સર્જરી વિભાગના નિષ્ણાંત તબીબોએ પોતાની નિપુણતાનું ઉત્કૃષ્ઠ ઉદાહરણ પૂરૂ પાડ્યું છે.

મૂળ રાજસ્થાનના પ્રેમજીભાઇ કે જેઓ અમદાવાદમાં કેટરીંગનું કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમનો ૭ વર્ષનો દીકરો કે જે ધોરણ ૨ માં અભ્યાસ કરે છે રમત રમતમાં ૧૪ મણકા ગળી ગયો હતો.પરિવારજનોને આ વાતનો ખ્યાલ ત્યારે આવ્યો જ્યારે બાળકની તબીયત નાદુરસ્ત બનતા તેને ખાનગી હોસ્પિટલમાં મેડિકલ તપાસ અર્થે લઇ ગયા. જ્યા પેટમાં વિવિધ ચુંબકીય મણકા હોવાનું સામે આવ્યું.

પરિવારજનો ચિંતાતુર બનતા સિવિલ હોસ્પિટલના બાળરોગ સર્જરી વિભાગમાં આવી પહોચ્યા. અહીના તબીબોએ બાળકનો એક્સ-રે અને સી.ટી. સ્કેન કરીને નિદાન કરતા જ્ઞાત થયું કે, બાળકના પેટમાં જુદા-જુદા ૧૪ મણકા છે. જે હોજરી પછી આવેલા નાના આંતરડા સુધી પહોંચ્યા છે. સિવિલ હોસ્પિટલના તબીબો માટે પણ બાળકના પેટમાં ચુંબકીય મણકા હોવાની આ પ્રથમ ઘટના હતી.

સિવિલ હોસ્પિટલના સુપ્રીટેન્ડન્ટ અને બાળરોગ સર્જરી વિભાગના વડા ડૉ.રાકેશ જોષી અને તેમની ટીમ દ્વારા બાળકની સર્જરી હાથ ધરવામાં આવી. સર્જરી દરમિયાન માલુમ પડ્યું કે શરીરમાં રહેલા ૧૪ મણકા આંતરિક આકર્ષણના કારણે ઘર્ષણ ઉત્પન્ન કરી રહ્યા હતા અને આંતરડામાં ૭ કાણા પાડ્યા હતા. જેના પરથી જ માલૂમ પડે કે સર્જરી કેટલી જટીલ અને જોખમી રહી હશે.

સિવિલ હોસ્પિટલના તબીબોએ ત્રણ કલાકની ભારે જહેમત બાદ સમગ્ર સર્જરી સફળતાપૂર્ણ પાર પાડીને બાળકના શરીરમાં એક પછી એક એમ તમામ ૧૪ મણકા બહાર કાઢ્યા અને બાળકને મોતના મુખમાંથી ઉગાર્યો.

સિવિલ હોસ્પિટલ સુપ્રીટેન્ડન્ટ અને બાળરોગ સર્જરી વિભાગના વડા ડૉ. રાકેશ જોષી કહે છે કે, મારી તબીબી કારકિર્દીમાં ફોરેન બોડી એટલે કે બાળક બાહ્ય પદાર્થ જેવા કે સિક્કા, પેન,ટાંકણી ગળી ગયું હોય તેવા અનેક કિસ્સા સામે આવ્યા છે. પરંતુ કોઈપણ બાળક ચુંબકીય મણકા ગળી ગયું હોય તેવો આ પ્રથમ કિસ્સો હતો.

આ સર્જરીની જટીલતા વર્ણવતા ડૉ.જોષી કહે છે કે, નાના બાળકમાં હોજરીની ખૂબ જ નજીક આંતરડાનું સ્થાન હોય છે. જેથી આ અંતર ખૂબ જ ઓછુ હોવાથી ઓપરેશનનું રિસ્ક તેટલું જ વધુ થઇ



જાય છે. આંતરડામાં જુદી જુદી જગ્યાએ ચોંટેલા ૧૪ ચુંબકીય મણકાએ આંતરડાની દિવાલમાં અનેક કાણાં પાડ્યા હતા. જેથી આ સર્જરી કરીને તમામ ટુકડાઓને એકસાથે કાઢવા જરૂરી હતા. જેથી સર્જરી વખતે ૧૪ ચુંબકીય મણકાને બહાર કાઢવા માટે બે જગ્યાએ આંતરડામાં કાંપ મૂકીને બહાર કાઢ્યા બાદ ટાંકા લેવા પડ્યા છે.સિવિલ હોસ્પિટલના બાળરોગ સર્જરી વિભાગની ડૉ. જોષી અને ડૉ. અઝીઝ રત્નાની તેમજ એનેસ્થેસિયા વિભાગના ડૉ. સીમા ગાંધી અને તેમની ટીમની કોઠાસુઝના પરિણામે ઓપરેશનને સરળતાથી પાર પાડી શકાયું.

ડૉ. જોષી નાની બાળકોને ચુંબક, રૂપિયાનો સિક્કો કે અન્ય ચિજ વસ્તુઓ કે જે બાળક સરળાથી ગળી જાય તે આપવાનું ટાળવાની અને તેનાથી દૂર રાખવાની સલાહ આપે છે.

દાંતાની અરવલ્લીની પહાડીઓમાં અચાનક આગ ભભૂકતા દોડધામ

ગરમીના કારણે આગ લાગી હોવાનું પ્રાથમિક તારણ

બનાસકાંઠા જિલ્લાના દાંતા ગામ પાછળ આવેલ અરવલ્લીની પહાડીઓમાં ભીષણ ગરમી વચ્ચે આગ લાગતા દોડધામ મચી છે. ધૂમાડાના ગોટે ગોટા જોવા મળતા હરીવલ ધરેડા મહુડી વિસ્તારના પહાડની ટોચ પર આગ લાગી હોવાનું જાણવા મળ્યું હતું.

દાંતા પાસે પહાડી વિસ્તારમાં આગ લાગી હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. જેમાં દાંતા ગામના પાછળ પહાડી વિસ્તારમાં આગ લાગતા ધૂમાડાના ગોટે ગોટા જોવા મળ્યા હતા. દાંતાનાં હરીવલ ધરેડા મહુડી વિસ્તારના પહાડની ટોચ પર આગ લાગી હોવાનું જાણવા મળ્યું હતું. આગ લાગતા વન વિભાગને જાણ કરવામાં આવી હતી, જેને લઈને વન વિભાગે તાત્કાલિક ઘટના સ્થળે જઈ આગને ઓલવવા માટે પ્રયત્નો હાથ ધર્યા હતા. જેના બાદ વન વિભાગના પ્રયત્નોથી આ આગ પર કાબુ મેળવાયો હતો. જો કે આગ ગરમીના કારણે લાગી હોવાનું પ્રાથમિક અનુમાન જાણવા મળ્યું હતું.

નરેશ પટેલ મેમાં કોંગ્રેસ પક્ષમાં જોડાય એવી શક્યતા

ચૂંટણીને લઈને રાજકીય ગતિવિધિનો ધમધમાટ : સોનિયાએ પ્રશાંત કિશોરને કોંગ્રેસમાં જોડાવા માટે મંજૂરી આપતા નરેશ પટેલ પણ કોંગ્રેસમાં જોડાય તેવી શક્યતાઓ

અમદાવાદ, તા.૨૩

વર્ષના અંતમાં યોજાનારી ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓના અનુસંધાને રાજકીય ગતિવિધિઓમાં વેગ આવ્યો છે. આ સાથે જ નરેશ પટેલની દિલ્હી મુલાકાત મામલે પણ અટકળોનું જોર વધ્યું છે. તાજેતરના અહેવાલ પ્રમાણે મે મહિનાના પ્રથમ સપ્તાહમાં નરેશ પટેલ કોંગ્રેસમાં જોડાઈ શકે છે.

સોનિયા ગાંધીની ટીમે પ્રશાંત કિશોરને કોંગ્રેસમાં જોડાવા માટે મંજૂરી આપી દીધી છે ત્યારે હવે નરેશ પટેલ પણ કોંગ્રેસમાં જોડાય તેવી શક્યતાઓ પ્રબળ બની છે. ગુજરાત કોંગ્રેસના સંગઠન પ્રભારી ડો. રઘુ શર્માએ પણ નરેશ પટેલની કોંગ્રેસ હાઈકમાન્ડ સાથેની મુલાકાત મામલે નિવેદન આપીને ગુજરાતના રાજકારણમાં ચર્ચાઓને વેગવંતી બનાવી છે. તેમણે કહ્યું હતું કે, નરેશ પટેલ એક સામાજીક અને સન્માનિત નેતા છે. તે કોંગ્રેસ હાઈકમાન્ડને મળે તે આનંદની વાત છે. નરેશ પટેલ જેવા નેતાનું કોંગ્રેસમાં સ્વાગત છે. તેમના આગમનથી પક્ષ વધારે મજબૂત બનશે.

આ બધા વચ્ચે પૂર્વ વિપક્ષ નેતા પરેશ ધાનાણી પણ અચાનક દિલ્હી પહોંચ્યા હતા અને સોનિયા ગાંધીની મુલાકાત લીધી હતી. સોનિયા ગાંધી સાથેની મુલાકાત દરમિયાન ધાનાણીએ આમ આદમી પાર્ટીના વધી રહેલા પ્રભાવ અને હાર્દિક પટેલની નારાજગી અંગે પણ ચર્ચા કરી હતી.

ઉલ્લેખનીય છે કે, નરેશ પટેલ કોઈ પણ સમયે કોંગ્રેસમાં જોડાવાની જાહેરાત કરી શકે છે તેવા સમાચાર વહેતા થયા છે ત્યારે પરેશ ધાનાણીની સોનિયા ગાંધી સાથેની આ મુલાકાત ખૂબ જ મહત્વની અને સૂચક બની રહે છે.

સીડબલ્યુસી અને જી૨૩ નેતાઓ વચ્ચે વૈચારિક મતભેદ સામે આવતો રહે છે પરંતુ નરેશ પટેલ અને પ્રખ્યાત રણનીતિકાર પ્રશાંત કિશોર મામલે બંનેનો સૂર એક જ રહ્યો છે. આ કારણે ગુજરાતના રાજકારણને કાબૂમાં લઈને કોંગ્રેસ ફરી એક વખત દેશના રાજકારણમાં પોતાનો પાયો મજબૂત કરવાની પેરવીમાં હોવાનું જણાઈ રહ્યું છે.

હિંમતનગરના નિવૃત્ત શિક્ષકનું શાળા માટે પાંચ પ્લોટનું દાન

મહેસાણા, તા.૨૩

હિંમતનગરના નિવૃત શિક્ષકે ’નામ કરતા કામનું મહત્વ’ કહેવતને સાર્થક કરી છે. ચિત્રોડાના નિવૃત શિક્ષક રામાભાઈ સુતરિયાએ પ્રાથમિક શાળા માટે પાંચ પ્લોટ દાનમાં આપ્યા છે. જિલ્લાની ૪૦૦ જેટલી શાળામાં મેદાન નથી ત્યારે બાળકોના ભવિષ્ય માટે ગુરૂએ શાળાને પ્લોટરૂપી દાન અર્પણ કર્યું છે. નિવૃત શિક્ષક રામાભાઈ સુતરિયાનું કહેવું છે કે, કોઈપણ પ્રકારની પ્રતિષ્ઠા મેળવવાની તેમની કોઈ જીજીવિષા નથી. પરંતુ આ શાળામાં ભણતા બાળકો ભવિષ્યમાં જો સારા રમતવીર બનશે તો તેમનું દાન લેખે લાગશે. ઈડર તાલુકાના ચિત્રોડા પ્રાથમિક શાળા નંબર-૧માં ફરજ બજાવતા શિક્ષકે નિવૃતિ બાદ ચિત્રોડાની ઉપેન્દ્રનગર વસાહતમાં આવેલી પ્રાથમિક શાળા માટે અંદાજે ૧૫ લાખના પાંચ પ્લોટ દાનમાં આપી દીધા. મીડિયા રિપોર્ટ અનુસાર પ્રાથમિક સ્કૂલમાં ભણતા બાળકો માટે કેટલીક સગવડોનો અભાવ હોવાની સાથે રમતનું મેદાન પણ નથી. જેના લીધે શારીરિક ગુણોમાં બાળકોને મુશ્કેલીઓ પડે છે. જેથી નિવૃત શિક્ષક રામાભાઈ સુતરિયાએ સ્થિતિ અંગે ગંભીરતાથી વિચાર્યા બાદ પાંચ પ્લોટ પ્રાથમિક શાળાને અર્પણ કરીને નવા રાહ ચીંધ્યો છે. તેમના આ કામને લોકો બિરદાવી છે. ગામમાં તેમની ખૂબ પ્રશંસા પણ થઈ રહી છે.

રાજ્યમાં યોજાયેલા લોક ડાયરામાં ડોલરનો વરસાદ

રાજકોટ,તા.૨૩

ગુજરાતમાં સૌથી વધારે લોક ડાયરાઓમાં રૂપિયા, ડોલરનો વરસાદ થાય તે હવે સામાન્ય વાત બની ગઈ છે. રાજ્યમાં અનેક જગ્યાએ લોક ડાયરા અને ભજન કાર્યક્રમ કરવા તે આપણી જૂની પરંપરા છે. આમ પણ લોક ડાયરાઓમાં ગુજરાતી કલાકારો લોક ગીતો, ભજનો અને સાહિત્ય અને હાસ્યની વાતોની રમઝટ બોલાવે છે. માટે ગુજરાત જ નહીં પરંતુ દેશ વિદેશોમાં લોકડાયરાઓનું આયોજન થાય છે. ત્યારે હાલમાં જ ગુજરાતમાં એક એવા લોકડાયરાઓનું આયોજન થયું જ્યાં ડોલરનો વરસાદ થયો. રાજકોટ પાસે સુરેન્દ્રનગરના ખાટડી ગામે યોજાયેલા એક લોક ડાયરામાં ૧૦૦ ડોલરની નોટોનો વરસાદ થયો છે. જાણવા મળી રહ્યું છે કે, સુરેન્દ્રનગર પાસે આવેલ ખાટડી ગામે શક્તિ માતાજીના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં ૧૦૦ ડોલરની નોટોનો વરસાદ કરવામાં આવ્યો હતો. જેમાં ખાટડી ગામના સરપંચ પિન્ટુ ખાટડી દ્વારા લોકડાયરામાં લોકગાયક બ્રિજરાજદાન ગઢવી પર ૧૦૦ ડોલરની નોટો ઉડાવતા વીડિયો વાઈરલ થયો છે. આ વીડિયોમાં તમે જોઈ શકશો કે, ડાયરાના કલાકાર પર ડોલરની નોટો ઉડાડવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. ડાયરામાં ડોલર અને રૂપિયાનો વરસાદ થતા ડાયરો ચર્ચામાં આવ્યો છે. ત્યારે હાલમાં જાણવા મળ્યું છે કે, સરપંચ અને સંતો પાસે ડોલર ક્યાથી આવ્યા તે એક સવાલ છે.

ભાજપના વરિષ્ટ નેતા અને પૂર્વ મંત્રી તારાચંદ છેડાનું નિધન

ગાંધીનગર, તા.૨૩

ભાજપના કચ્છ જિલ્લાના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ મંત્રી તારાચંદ છેડાનું આજે નિધન થયું હતું. છેલ્લા ૧૫ દિવસથી અમદાવાદની સીમ્સ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા હતા. આજે સવારે હોસ્પિટલમાંથી રજા અપાતા તેઓને માદરે વતન ખસેડાયા હતા ત્યાં તેમનું નિધન થયું હતું.

રાજ્યમાં આજે કોરોના વાયરસના નવા માત્ર ૮ કેસ

ગાંધીનગર, તા.૨૩

ગુજરાતમાં કોરોનાના આંકડો હવે સિંગલ ડીઝીટમાં આવી ચુક્યો છે. આજે કોરોનાના નવા માત્ર ૮ કેસ નોંધાયા હતા. તો બીજી તરફ ૦૩ દર્દી સાજા પણ થયા હતા. અત્યાર સુધીમાં કોરોનાને કુલ ૧૨,૧૩,૧૮૭ નાગરિકો મ્હાત આપી ચુક્યાં છે.

રેઈનબૉ ચિલ્ડ્રન્સ મેડિકેર લિમિટેડનો આઈપીઓ ૨૭મીએ ખુલશે

રેઈનબૉ ચિલ્ડ્રન્સ મેડિકેર લિમિટેડ ભારતમાં અગ્રણી મલ્ટિ-સ્પેશિયાલ્ટી પીડિયાટ્રિક એન્ડ ઓબ્સ્ટેટ્રિક્સ એન્ડ ગાયનેકોલોજી હોસ્પિટલ ચેઈન છે, જે છ શહેરો (હૈદ્રાબાદ, બેંગલોર, ચેન્નાઈ, નવી દિલ્હી, વિજયવાડા અને વિશાખાપટ્ટનમ)માં ૧૪ હોસ્પિટલ અને ત્રણ ક્લિનિક ચલાવે છે. જેની કુલ બેડ ક્ષમતા ૩૧ ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ ૧,૫૦૦ બેડ છે. કંપનીનો આઈપીઓ (ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ) ૨૭ એપ્રિલે, ૨૦૨૨ને બુધવારે ખુલશે.

ઓફરની પ્રાઈસ બેન્ડ રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેરદીઠ રૂ. ૫૧૬ થી રૂ. ૫૪૨ નક્કી થઈ છે. બિડ લઘુત્તમ ૨૭ ઈક્વિટી શેર અને પછી ૨૭ ઈક્વિટી શેરના ગુણાંકમાં થઈ શકશે.

આઈપીઓમાં રૂ. ૨૮૦ કરોડ સુધીનો ફ્રેશ ઈશ્યૂ અને પ્રમોટર વિક્રેતા શેરધારકો, રોકાણકારો વિક્રેતા શેરધારકો અને અન્ય વિક્રેતા શેરધારકો દ્વારા ૨૪,૦૦૦,૯૦૦ ઈક્વિટી શેરના વેચાણ માટેની ઓફ સામેલ છે. ઓફરમાં ૩૦૦,૦૦૦ ઈક્વિટી શેર સુધીનો એમ્પ્લોયી રિઝર્વેશન પોર્શન પણ સામેલ છે.

કંપનીએ ફ્રેશ ઈશ્યૂમાંથી પ્રાપ્ત થનાર ફંડનો ઉપયોગ કંપની દ્વારા ઈશ્યૂ થયેલા એનસીડીનું વહેલાસર રિડેમ્પ્શન એની ગ્રૂપ કંપની સીડીસી ઈમર્જિંગ માર્કેટ્સ લિમિટેડને સંપૂર્ણ રકમ રૂ. ૪૦ કરોડમાં કરવા, નવી હોસ્પિટલો સ્થાપિત કરવા મૂડીગત ખર્ચ કરવા અને આ પ્રકારની નવી હોસ્પિટલો માટે તબીબી ઉપકરણની ખરીદી કરવા રૂ. ૧૭૦ કરોડ અને બાકીના ફંડનો ઉપયોગ સાધારણ કોર્પોરેટ ઉદ્દેશ માટે કરવાની યોજના બનાવી છે.

નોલેજ હબ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સાઈનેજીસ ટેન્સાઈલ સ્ટ્રકચર, ગજીબો તેમજ બેસવા માટેની પણ પુરતી અદ્યતન સુવિધા ઉભી કરાશે. ગુડા વિસ્તારમાં એક બાદ એક નવા પ્રોજેકટનુ કામ હાથ ધરવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. બે દિવસ અગાઉ સરગાસણ વિસ્તારમાં પણ ૧૨ મીટર પહોળો રસ્તો ખુલ્લો કરી દેવાતા હવે એમ્યુઝમેન્ટ પાર્ક તૈયાર કરવા માટે પણ ટુંકમાં આયોજન હાથ ધરાશે જયારે માળખાગત સુવિધાના કામો સાથે ભાવિ પેઢીને ઉપયોગી કામોનુ પણ વિશેષ અને નવતર અભિગમ સાથે આયોજન કરાયુ છે. સરકારે આ પ્રોજેકટને મંજુરી આપી દીધી છે ત્યારે હવે નોલેજ હબ નમુનારૂપ બને તેવા પ્રયાસો પણ શરૂ કરી દેવાયા છે. જયારે નોલેજ હબના માધ્યમથી વિદ્યાર્થીઓ માટે શિક્ષણ ક્ષેત્રે નવી કેડી કંડારવાનો પ્રયાસ કરાશે.

રસ્તો બંધ રહેશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થઈ મહારાજા હોટલ સામેના કટથી ડાબી બાજુ વળીને જવાનુ રહેશે. જયારે મહેસાણા તરફથી બાલાપીર સર્કલ તરફ આવવા માટે મહેસાણા કલોલ મહેસાણા પીકઅપ ડાબી બાજુ વળીને શનિદેવ મંદિર રોડ ઉવારસદ બ્રિજ પાસેથી ડાબી બાજુ વળી ત્યાંથી જમણી બજુ વળીને બાલાપીર સર્કલ તરફ જવાનુ રહેશે.

વરસાદી દિવસોમાં અન્ડર પાસ ટ્રાફિક માટે મુંઝવણનો વિષય બને છે જેના લીધે તંત્ર માટે પણ માથુ ખંજવાળવા જેવી સ્થિતિ સર્જાય છે. જયારે આગામી ચોમાસા પુર્વે આ કામગીરી હાથ ધરવાનો નિર્ણય લેવાયો છે. જેથી વરસાદી દિવસોમાં અવરજવર થતા ટ્રાફિકને કોઈ સમસ્યા નડે નહી. ચાર મહીના માર્ગ બંધ રાખવા માટે પોલીસ તંત્ર કક્ષાએથી પણ હકારાત્મક અભિગમ અપનાવાતા આ મામલે આગળની પ્રકીયા હાથ ધરવામાં આવી છે.

સનસ્ટ્રોક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તડકામાંથી આવીને તુરંત જ ઠંડા પાણીએ સ્નાન કરવુ અને ઠંડુ પાણી પીવુ પણ નુકશાન કરે છે.

સનસ્ટ્રોકની અસર થાય એટલે આખુ શરીર બળવા માંડે છે. તાવની અસર રહે છે. માથુ દુઃખવું, ઉલ્ટી-ઉબ્કા આવવા અને ક્યારેક ઝાડા પણ લુ ના કારણે થઈ શકે છે. જો તેની અસર વધુ હોય તો વ્યક્તિ બેભાન પણ થઈ શકે છે.

છેલ્લા દસેક દિવસથી શહેરમાં સનસ્ટ્રોકના બનાવો વધ્યા છે. તબીબોને ત્યાં તાવ, ઉલ્ટી અને ઝાડાની ફરીયાદ લઈને આવતા મોટાભાગના દર્દીઓને સનસ્ટ્રોકની અસર રહી છે. ખાસ કરીને બાળકો અને વડીલોને સનસ્ટ્રોકની અસર વહેલી થાય છે. લુ લાગી હોય ત્યારે એલોપથી દવાની સાથે જ આર્યુવેદીક દવાઓ અને ઘરગથ્થુ ઉપચારો વધુ અસરકારક બને છે. દેશી ગોળનું શરબત, કેરીનો બાફલો, ધીમે ધીમે સનસ્ટ્રોકની અસર ઓછી કરે છે. ડુંગળીનો રસ દર્દીના હથેળી અને પગના તળીયે લગાવવામાં આવે તો ખુબ ફાયદો થાય છે. ઘરની બહાર નીકળવાનું થાય ત્યારે ખીસ્સામાં ડુંગળી રાખવાથી પણ ફાયદો થાય છે. સતત માટલાનું ઠંડુ પાણી પીવાથી પણ લુ થી બચી શકાય છે.

પાથેય

● અનુસંધાન ચોથાનું ચાલુ...

ડફોળ કે ઓછી આવડતવાળો લાગે પરંતું બેફામ બોલી નાખતો માણસ ભયાનક સાબિત થતો હોય છે.કહેવાય છે કે જીભને હાડકું હોતું નથી.એ લપસી જવાનો સ્વભાવ ધરાવે છે.કોઈ માણસ કર્કશ બોલે તો કવિ કે ડાહયા કહેવાતા માણસો એમાંથી સારૂં હોય એટલું જ સ્વીકારી બાકી ભૂલી જાય છે.પરંતુ સામાન્ય માણસ આવું કરતો નથી એ ડંખ રાખે છે અનેબદલાની ભાવના સાથે ફરતો રહે છે..એવું કહેવાય છે કે ઉતાવળે બધું બોલી જાવ અને પછી નિરાંતે પસ્તાઓ...કોઈક આપણને પ્રેમ આપે કે ગાળો એમાંથી આપણે શું સ્વીકારવું કે કઈ રીતે અથવા કેટલું સ્વીકારવું એ આપણી ઉપર નિર્ભર છે.કવિ તો એટલે સુધી ઉદાર છે કે આપેલી ગાળોની જોડણી જો બરાબર ના હોય તો એ પણ સુધારી લેવાની એમની તૈયારી છે ! આ એક આદર્શ કે કવિ કલ્પના હશે કદાચ પણ માણસ જો સાંભળવા માટે સક્ષ થતો રહે તો વાણીનો સંયમ આપોઆપ આકાર પામતો હોય છે.

વિશ્વયુદ્ધ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉઠાવ્યા નથી. ચાન્સેલર સ્કોલ્જને પૂછવામાં આવ્યું કે, તેઓએ કેમ એવું વિચાર્યું કે યુક્રેનને ટેંક આપવાથી પરમાણુ યુદ્ધ થઈ શકે છે. આના જવાબમાં કહ્યું કે, આવો કોઈ નિયમ તૈયાર કરવામાં આવ્યો નથી, જેમાં કહેવાયુ હોય કે જર્મનીને યુક્રેનમાં યુદ્ધનો પક્ષ માનવામાં આવી શકે છે. જર્મન ચાન્સેલરે કહ્યું કે, આપણે દરકે પગલે ખૂબ જ સાવધાની રાખીને વિચાર કરીએ અને એક બીજાની સાથે નજીક રહીને કામ કરીએ એ ખૂબ જ જરૂરી છે. આ તણાવમાં નાટોને સામેલ થતાં બચાવવનું એ મારા માટે સર્વોચ્ચ પ્રાથમિકતા છે. એટલા માટે હું ચૂંટણી પર ધ્યાન કેન્દ્રિત નથી કરતો અને સખત ટિપ્પણીઓથી પોતાને પરેશાન થવા દેતો નથી. એક પણ ખોટુ પગલુ ભર્યુ તો તેનું પરિણામ ભયંકર આવી શકે છે. સ્કોલ્જે યુક્રેન પર આક્રમણના જવાબમાં રશિયાના ગેસની જર્મનીમાં આયાતને તરત ન રોકવાના પોતાના નિર્ણયનો બચાવ કર્યો. તેઓએ કહ્યું કે, મને નથી લાગતું કે, ગેસ પર પ્રતિબંધ લગાવવાથી યુદ્ધ ખતમ થઈ જશે. જો પુતિનને આર્થિક પ્રતિબંધનો ડર હોતો તો તેઓ ક્યારેય આ ભયંકર યુદ્ધને શરુ ન કરતા. બીજી વાત એ કે, તમે લોકો એવું વિચારો છો કે આ બધુ પૈસાને લઈને હતું, પરંતુ આ એક નાટકીય આર્થિક સંકટ અને લાખો નોકરીઓ તથા કારખાનાઓને નુકસાનથી બચાવવા વિશે છે. જો આ બંધ થઈ જશે તો એના દરવાજા ફરી ક્યારેય ન ખૂલી શકતા.

કડક આદેશ

● અનુસંધાન પહેલાનું ચાલુ

અધિનિયમ, ૧૯૯૫ની ધારા ૨૦ કેન્દ્રને સશક્ત બનાવે છે કે તે ટીવી ચેનલ્સ વિરૂદ્ધ ઉચિત પગલાં ભરી શકે છે. એડવાઈઝરીમાં એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, જો કોઈ કાર્યક્રમ નિર્ધારિત નિર્દેશોનું પાલન નહીં કરે તો તેના વિરૂદ્ધ કાર્યવાહી કરવામાં આવશે.

જહાંગીરપુરીની ઘટના અને આ દરમિયાન વિભિન્ન ડિબેટ શો અંગે આપત્તિ વ્યક્ત કરીને સૂચના અને પ્રસારણ મંત્રાલયે ટીવી ચેનલ્સ માટે એડવાઈઝરી જાહેર કરી હતી. સૂચના અને પ્રસારણ મંત્રાલયે પોતાની વાતનું પુનરાવર્તન કરીને કહ્યું હતું કે, આ સમય દરમિયાન ટીવી ચેનલ્સમાં વિભિન્ન મુદ્દે અપ્રમાણિક, ગેરમાર્ગે દોરનારી, સનસનીખેજ અને સામાજીક પરિવેશમાં અસ્વીકાર્ય ભાષાનો ઉપયોગ થયો. યુક્રેન-રશિયા મામલે ખોટા દાવાઓ અને આંતરરાષ્ટ્રીય એજન્સીઓને સતત ખોટી રીતે ક્વોટ કરવી, એવી હેડલાઈન્સ આપવી જેને સમાચાર સાથે કોઈ સંબંધ ન હોય તથા દર્શકોને ઉશ્કેરવા માટે પત્રકાર અને ન્યૂઝ એંકર્સે મનપસંદ, મનઘડંત માહિતી રજૂ કરી હતી. જહાંગીરપુરી મામલે ઉશ્કેરણીજનક હેડલાઈન્સ અને સાંપ્રદાયિક હિંસા ભડકાવે તેવા વીડિયોઝ બતાવ્યા. ઉપરાંત વેરિફાઈ ન હોય તેવા સીસીટીવી ફુટેજ પણ બતાવ્યા. કોઈ ખાસ સંપ્રદાયના વીડિયો બતાવીને સાંપ્રદાયિક તણાવ વધારવા હવા આપવામાં આવી. મનઘડંત અને સનસનીખેજ હેડલાઈન અને ઓથોરિટીની કાર્યવાહીને સાંપ્રદાયિક રંગ આપવા પ્રયત્ન થયો. ન્યૂઝ ડિબેટ દરમિયાન કેટલીક ન્યૂઝ ચેનલ્સે બિનસંસદીય, ઉશ્કેરણીજનક ભાષાનો ઉપયોગ કર્યો અને સામાજીક રીતે અસ્વીકાર્ય ભાષાનો પ્રયોગ કર્યો.

વધુમાં કહ્યું હતું કે, સાંપ્રદાયિક ટિપ્પણીઓ કરવામાં આવી જેના દ્વારા સાંપ્રદાયિક સૌહાર્દ બગાડવા પ્રયત્ન થયો. સરકારે આ મામલે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે અને સાથે જ આકરા નિર્દેષ આપ્યા છે કે, આવી બાબતોથી દૂર રહો. ડિબેટ શોમાં વિભિન્ન પ